# આપણે સતર્ક રહેવું જરૂરી છે.

જન્મભૂમિ

**Saturday, January 20, 2018**

## ફેરિયાઓના પ્રસ્તાવિત ઝોન રદ્દ કરવાનો આદેશ મેયરે ભલે આપ્યો, આપણે પ્રશાસનથી સતર્ક રહેવું પડશે.



પ્રિન્સેસ સ્ટ્રીટનાં વિવિધ વેપારી સંગઠનોએ એક મંચ પર આવીને તમામ સમસ્યાઓ ઉકેલવા નિર્ધાર કર્યો અમારા પ્રતિનિધી તરફથી મુંબઈ, તા.૧૯ : મુંબઈ પાલિકોએ તાજેતરમાં શહેરમાં ફેરિયાઓના પુનર્વસન માટે વિવિધ વિસ્તારોના રોડની યાદી, જાહેર કરી તેનો ચોમેર વિરોધ થઈ રહ્યો છે. રહેવાસીઓ, રાહદારીઓ અને વેપારીઓ આ યાદીનો જોરદાર વિરોધ કરી રહ્યાં છે. પ્રિન્સેસ સ્ટ્રીટના રહેવાસીઓ અને વિવિધ વેપારી અસોસિયેશનના પ્પ્રતિનિધિઓ/સભ્યોએ આજે ઈલેક્ટ્રીક મર્ચંટ અસોસિયેશન (ઈમા) ના હૉલમા મામલે બેઠક યોજી હતી.

ઈમાના અધ્યક્ષ નિશેલ શાહ, ઉપાધ્યક્ષ નિરેન ધારિયા અને સચિવ નયન શુક્લ આ પહેલને સ્થાનિક રહેવાસીઓ તરફથી ભૂતપૂર્વ નગરસેવક જનક સંઘવી તેમ જ પ્રિન્સેસ સ્ટ્રીટની જાણીતી મંગલદાસ માર્કેટ, દવા બજાર, સર્જિકલ માર્કેટ, એમ જે માર્કેટ સહિતના અસોસિયેશનના સભ્યો/પ્રતિનિધિઓએ આવકારી હતી અને હાજરી આપી હતી. વેપારીઓને આ મુદ્દે સહકાર અને માર્ગદર્શક માટે ફેડરેશન અવૉફ અસોસિયેશન અવૉફ મહારાષ્ટ્ર (ફામ) ના સચિવ આશિષ મહેતા પણ ખાસ હાજર રહ્યાં હતાં અને પ્રિન્સેસ સ્ટ્રીટના વેપારીઓને તમામ પ્રકારની મદદની ખાતરી આપી હતી. પ્રિન્સેસ સ્ટ્રીટમાં પાર્કિંગ, ટ્રાફિક અને ફેરિયાઓની સમસ્યા અંગે જન્મભૂમિમાં છેલ્લા મહિનાથી ચાલી રહેવલી ઝુંબેશની પણ આ બેઠકમાં ખાસ ચર્ચા થઇ હતી અને પાલિકાની ફેરિયા નીતિનો વિરોધ નોંધાવવા સાથે જ રોજિંદી સમસ્યાઓના સમાધાન માટે પણ પ્રિન્સેસ સ્ટ્રીટના તમામ વેપારી મંડળોના પ્રતિનિધિઓની એક કમિટી બનાવી શાસન પ્રશાસન સાથે સંવાદ કરવાની વિચારણા કરાઈ હતી.

જનક સંઘવીએ વેપારીઓને સંબોધતાં કહ્યું હતું કે ફેરિયાઓનો પ્રશ્ન સુપ્રીમ કોર્ટ સુધી ચર્ચાઈ ચૂક્યો છે અને પાલિકાએ વેપારીઓ અને રહેવાસીઓ સાથે કોઈ પણ જાતના સંવાદ વગર જ ફેરિયાઓના પુનર્વસનની યાદી તૈયાર કરી છે. તેમાં સુપ્રીમ કોર્ટની માર્ગદર્શીકાનો ખુલ્લો ભંગ થયો છે, તેથી તે કોઈ રીતે ટકી શકે એમ નથી, પરંતુ રહેવાસીઓ અને વેપારીઓએ જાગૃત રહેવું પડશે. ઈમા તરફથી નિશેલ શાહ, નિરેન ધારિયા અને નયન શુક્લા એ કુહ્યુ હતું કે મુંબઈ પાલિકાને વેપારીઓના સૌથી વધુ ટેક્સની આવક સી વૉર્ડની છે છતાં આ વૉર્ડ અંતર્ગતના પ્રિન્સેસ સ્ટ્રીટ, કાલબાદેવી અને ભૂલેશ્વરમાં જ ટ્રાફિક, પાર્કિંગ અને ફેરિયાઓની સમસ્યા વિકરાળ છે. તમામ વેપારી મંડળોના સભ્યોની કમિટી બનાવીને હાલની આ સમસ્યાઓ સાથે જ ફેરિયાઓને વસાવવાની જે પ્રસ્તાવિત યાદી છે, તેનો વિરોધ નોંધાવીશું.

આ બેઠકમાં હાજર મંગલદાસ માર્કેટના વેપારી ભરત ઠક્કરે કહ્યું હતું કે વેપારીઓ જે નિર્ણય લેશે તેમાં અમારી માર્કેટનો પણ પૂરતો સહકાર મળશે. મૂળજી જેઠા માર્કેટના સભ્ય વિનોદ ચોથાણી અંગત કારણોસર હાજર નહોતા રહી શક્યા પરંતુ તેમણે પણ આ વાતમાં સૂર પૂરાવ્યો હતો.

અસોસિયેશનો અને આપણા વ્યવસાય ભલે અગલ હોય પરુંત જ્યાં વેપારીની વાત આવે ત્યાં આપણે સૌ એક જ છીએ, આપણા વિસ્તારની સમસ્યાનો ઉકેલ આપણે જ લાવવો પડશે અને તેમાં સૌનો સહકાર છે.

જનક સંઘવીએ જણાવ્યું હતું કે હાલમાં જ પ્રિન્સેસ સ્ટ્રીટ અને ઝવેરી બજારમાં બે બિલ્ડિંગોના હિસ્સા ખાબક્યા તેમાં ત્રણ વ્યક્તિએ જીવ ગુમાવ્યા હતા. આવી ઈમરજન્સીમાં ફાયર બ્રિગેડ કે પોલિસ પણ તત્કાળ રાહત અને બચાવ કામગીરી માટે પહોંચી શકે એમ નથી, તેનું મુખ્ય કારણ આ ગીચ વિસ્તારમાં બેફામ બની ચૂકેલી પાર્કિંગ, ટ્રાફિક અને ફેરિયાઓની સમસ્યા છે. આપણે સૌ એક ગ્રુપ બનાવી પોલીસ અને પાલિકાના અધિકારીઓ સમક્ષ આ મામલે અવાજ ઉઠાવીશું અને સમસ્યામાંથી છૂટકારો મેળવવાનો પ્રયાસ કરીશું

તમામ પ્રતિનિધિઓએ સી વૉર્ડમાં પ્રસ્તાવિત ફેરિયાઓના ઝોનના વિરોધમાં વકીલની મદદથી પત્ર તૈયાર કરીને પાલિકામાં વિરોધ નોંધાવવાનું નક્કી કર્યું હતું. સુપ્રીમ કોર્ટે નક્કી કરેલા નિયમો પ્રમાણે આ વિસ્તારમાં દસ ફૂટની ફૂટ પાથો જ નથી તો ફેરિયાઓને બેસવા દેવાનો પ્રશ્ન જ નથી, ઉપરાંત પ્પ્રપ્રિન્સેસ સ્ટ્રીટમાં કે તેની આસપાસ જ લગભગ સદી જૂના શિવાલય, હનુમાન મંદિર, જામા મસ્જિદ, અગિયારી, સ્કૂલ, હૉસ્પિટલ, હેરિટેજ માર્કેટ / બિલ્ડિંગો તેમ જ પોલિસ મુખ્યાલય સહિતના સ્થાપત્યો છે. તેની ફરતે સો મીટરમાં ફેરિયાઓના ઝોન કેવી રીતે જાહેર કરી શકાય, એવા પ્રશ્નો પણ ઉઠાવાશે.

એક અનુભવી વેપારીએ કહ્યું હતું કે મેયરે ફેરિયાઓને વસાવવાની આ પ્રસ્તાવિત યાદી રદ કરવાનો આદેશ પાલિકા કમિશરને આપ્યો છે પરંતુ તેના પર ભરોસો કરવા જેવું નથી. પ્રશાસને ૩૧ જાન્યુઆરી સુધીમાં વાંધા, વિરોધ અને સૂચનો નોંધવવાનું કહ્યું છે તે સમય મર્યાદાને ધ્યાનમાં રાખીને આપણે આગળ વધીએ. હજુ પચીસ જાન્યુઆરી સુધી આ ખેંચતાણ ચાલશે અને છેલ્લે પ્રશાસન તેનું ધાર્યું કરશે તો એવું બહાનું પણ આપી શકે છે કે માત્ર છૂટોછવાયો વિરોધ થયો છે, તેથી આ યાદીમાં ફેરફાર કરવો બરાબર નથી. રાજકારણીઓ અને નગરસેવકો તો પોતાના હિતો સચવાય એટલે હામી ભરી શકે છે. આપણે સતર્ક રહેવું જરૂરી છે.

**MUMBAI POLICE : Control Room Helpline : 100**
**BMC : Central Room Helpline : 1916**
**Email : Complaints@mumbaipolice.maharashtra.gov.in**

Sd.
**Shri Nayan K. Shukla / Shri Ketan R. Kadakia**
**Hon. Secretaries**












## Republic Day Celebrations

Team **EMA** in association with **Saarthi Foundation** and **Dawoodi Bohra** Association celebrated **69th Republic Day on 26th January 2018** at Corner of **Pathakwadi at 10.30 AM** along with **Shri Sharad Petiwala** Ex Corporator, Senior Police Inspector **Shri Sharad Naik** along with his team, **Shri Thakur** Assistant Traffic Police S.K.Patil Udyan & Local resident.

President **Shri Nishel D. Shah** along with **Shri Janak Sanghvai** jointly unfurled **Tri Colour Indian flag** in front of **150 People Approx., National Anthem** was recited in unison by the Children, Ladies, Members of EMA, Saarthi and Dawoodi Bohra Association. After The Ceremony light snacks were served to all the people.

Sincere Thanks to Team **EMA, Staff of EMA**, and **Saarthi Foundation** & **Local Residenc**e for making this event a Grand Success.

Sd.
**Shri Nayan K. Shukla / Shri Ketan R. Kadakia**
**Hon. Secretaries**

“ WE CAN & WE WILL ”
2017-18

# The Electric Merchants' Association

(ISO 9001 CERTIFIED ASSOCIATION)

# FESTIVAL CRICKET MATCH




















"WE CAN & WE WILL"
2017-18

# The Electric Merchants' Association

(ISO 9001 CERTIFIED ASSOCIATION)

# FESTIVAL CRICKET MATCH
















